# મૂર્ખ માણસ એટલે બે પગવાળો પશુ



મૂર્ખ માણસને બે પગપાળો પશુ સમજી તેનો ત્યાગ કરવામાં જ સારું રહે છે કારણ કે તેની વાણી સામેની વ્યકિતમાં કાંટાની જેમ ચૂભે છે.

સંસારમાં સજ્જન અને દુર્જન એમ બન્ને પ્રકારનાં લોકો જોવા મળે છે. કોઈ કામમાં સજ્જનો પણ જોડાય છે અને દુર્જનો પણ ભેગા થઈ જાય છે. સંસારમાં સજ્જન અને દુર્જનોને પારખીને તેઓ સાથે કેવો અને કેટલો સંબંધ રાખવો તે સમજીને જેઓ જીવે છે

> **મૂર્ખ માણસ લાંબા સમયના સંબંધને પણ ભૂલીને ઊતરતી કક્ષાનો વહેવાર કરી શકે છે. આ સુભાષિતમાં સ્પષ્ટ જણાવ્યું છે કે મૂર્ખ માણસતો બે પગવાળો પશુ જ છે. જેમ પશુમાં સારાનરસાનો વિવેક ન હોય તેવું જ વર્તન મૂર્ખ માણસ પણ કરી દે છે. ક્યારેક એ જ માણસ સર્જન જેવો વહેવાર પણ કરતો જોવા મળે છે**

તેઓના જીવનમાં પસ્તાવાનો પ્રસંગ બહુધા આવતો નથી. અહીં સુભાષિતમાં મૂર્ખ માણસને બે પગવાળો પશુ જાણ્યો છે. પશુ સાથે જેવો વહેવાર થાય તેવો વહેવાર કરવાનું જેઓ જાણતા નથી તેઓ પાછળથી પસ્તાતા હોય છે. તેથી મૂર્ખ સાથે સંબંધ ન રાખી તેનાથી દૂર રહેવામાં જીવન સારી રીતે પસાર થાય છે.

મૂર્ખ માણસને કોની સાથે કેવી વાતો કરવી તેની અક્કલ હોતી નથી. તેથી તે સજ્જનો સાથે પણ ઊતરતી કક્ષાનું વર્તન કરી શકે છે. જેઓ સજ્જનો છે તેઓએ પોતાનો પાડોશી દુર્જન હશે તો તેની સાથે સમજીને જ વર્તન કરવું જરૂરી છે. જ્યારે સજ્જન માણસ પણ દુર્જનને ઓળખી શકતો નથી ત્યારે કડવા પ્રસંગો ઊભા થતા હોય છે. મૂર્ખ માણસને તો બે પગવાળો પશુ જ ગણ્યો છે. મૂર્ખ માણસ લાંબા સમયના સંબંધને પણ ભૂલીને ઊતરતી કક્ષાનો વહેવાર કરી શકે છે. આ સુભાષિતમાં સ્પષ્ટ જણાવ્યું છે કે મૂર્ખ માણસતો બે પગવાળો પશુ જ છે. જેમ પશુમાં સારાનરસાનો વિવેક ન હોય તેવું જ વર્તન મૂર્ખ માણસ પણ કરી દે છે. ક્યારેક એ જ માણસ સર્જન જેવો વહેવાર પણ કરતો જોવા મળે છે પરંતુ પશુને જેમ વિચારશક્તિ નથી તેવું જ મૂર્ખ માણસને પણ સારાનરસાનો વિવેક હોતો નથી.

**ઋષિવાણી**
**નરેશ ભટ્ટ**

તેથી જ આ સુભાષિતમાં મૂર્ખ માણસને પશુ જેવો જ ગણ્યો છે. પશુ પાસે સારાનરસા વિવેકની આશા રાખી શકાતી નથી તેવું જ મૂર્ખ માણસો પાસે પણ તે સારો જ વર્તાવ કરશે તેવી આશા રાખી શકાય નહીં.

# શ્રધ્ધા વિના સિધ્ધિ નહીં



શ્રદ્ધા બળવાન હોય તો સિધ્ધિ પામી શકાય છે. શ્રધ્ધામાં એવું બળ છે જે માપી શકાય તેમ નથી.

મહર્ષિ દયાનંદ સરસ્વતીની આ વાત છે. સંન્યાસીની દીક્ષા લીધા પછી મહર્ષિ દયાનંદ સાચા ગુરુની શોધમાં ફરતા હતા. ગુરુ એવો જોઈએ કે જે ધર્મનું સાચું સ્વરૂપ સમજાવે અને સાચો માર્ગ બતાવે.

કોઈએ કહ્યું કે આવો ધર્મગુરુ શોધવો હોય તો નર્મદા કાંઠાનાં જંગલોમાં જાવ, ખરા ધર્મગુરુ, સાધુઓ જંગલોમાં વસતા હોય છે.

મહર્ષિ દયાનંદ ગુરુની શોધમાં નર્મદાના જંગલમાં આવ્યા, સાથે વસ્ત્રોની એક પોટલી અને એક હાથમાં લાકડી રાખેલી. નર્મદા કાંઠાના ગાઢ જંગલોમાં જઈ રહ્યા છે. આગળ જતાં થોડાં ઝૂંપડાં આવ્યાં, ત્યાં

> **આ પણ તારી લીલા છે, એમાં પણ મારી કોઈ કસોટી છે. એ પાર ઉતાર. મને ફક્ત તારામાં જ શ્રદ્ધા છે**

લોકોએ કહ્યું, મહારાજ હવે આગળ ન જશો, આગળ ઘણાં હિંસક પ્રાણીઓ હોય છે તમે અહીંથી બાજુના રસ્તે થઈ જાવ.

દયાનંદ માન્યા નહીં તો ઝૂંપડાવાળાએ કહ્યું, આ લાકડી નહીં ચાલે, અહીંથી ભાલો લઈ જાવ કામ લાગશે.

પણ દયાનંદ માન્યા નહીં, એ આગળ ચાલ્યા, થોડે દૂર જતાં માર્ગમાં એક રીંછ જોયું. રીંછ ભયંકર અવાજ કરતું રસ્તા વચ્ચે જ ઊભું હતું. સ્વામીજી નજીક જાય એટલે એ હુમલો કરવાની તૈયારીમાં જ હતું.

સ્વામીજી ગભરાયા નહીં. એ ત્યાં જ અડગ ઊભા રહ્યા, તેમણે ઈશ્વરને યાદ કરી કહ્યું, આ પણ તારી લીલા છે, એમાં પણ મારી કોઈ કસોટી છે. એ પાર ઉતાર. મને ફક્ત તારામાં જ શ્રદ્ધા છે.

અને જાણે ઈશ્વરે વાત સાંભળી લીધી હોય એમ, પેલું રીંછ આગળ વધતું અટકી ગયું. મહર્ષિ સામે રીંછ જોઈ રહ્યું. થોડી ક્ષણો પછી એ રીંછ રસ્તો છોડી જંગલમાં ચાલતું થયું.

સ્વામીજીનો માર્ગ મોકળો થયો અને એ આગળ ચાલવા લાગ્યા, આગળ વધુ દુષ્કર માર્ગ હતો પણ સ્વામીજીને શ્રધ્ધા હતી કે ઈશ્વર તેમની રક્ષા કરશે અને વિચાર્યું કે આ લાકડીની પણ શું જરૂર છે? એમણે એ લાકડી પણ ફેંકી દીધી અને નર્મદાતટનાં એ ગાઢ જંગલો ઘૂમી વળ્યા. આખરે એમની શ્રધ્ધા જીતી. આમ અડગ શ્રધ્ધા જીવનની મુસાફરીનાં કપરાં ચઢાણ પાર પાડે છે.

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. ૬ થી ૧૨ મે ૨૦૨૪

**તા. ૬ સોમવાર,**
ચૈત્ર વદ તેરસ, શિવરાત્રી, પંચક

**તા. ૭, મંગળવાર,**
ચૈત્ર વદ ચૌદશ, દર્શ અમાસ

**તા. ૮,મે બુધવાર,**
ચૈત્ર ટાગોર જયંતિ રેડ ક્રોસ ડે

**તા. ૯, ગુરુવાર,**
વૈશાખ સુદ એકમ, બીજનો ક્ષય ચંદ્રદર્શન

**તા. ૧૦, શુક્રવાર,**
વૈશાખ સુદ ત્રીજ, પરશુરામ જયંતી, અખાત્રીજ, બદ્રીકેદાર યાત્રા, વર્ષીતપ પારણા

**તા. ૧૧, શનિવાર,**
વૈશાખ સુદ ચોથ, વિનાયક ચર્તુથી

**તા. ૧૨, રવિવાર,**
વૈશાખ સુદ પાંચમ, શંકરાચાર્ય જયંતિ રામાનુજાચાર્ય જયંતિ મધર્સ ડે

